## મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી કે.જી.પટેલ સમક્ષ, મહેસાણા.

**રેફ.(એલ.સી.એમ.) નં. ૨૨/૨૦૨૧**

**આંક–૭**

પ્રથમ પક્ષકાર – વિભાગીય નિયામકશ્રી,
એસ.ટી.વિભાગીય કચેરી, મહેસાણા.

**// વિરૂદધ //**

બીજા પક્ષકાર – શ્રી જોગેન્દ્ર બલીરામ માને,
૫૪/૧૪૩, જે.પી.નગર, સરદાર એસ્ટેટ સામે,
મહાલક્ષ્મી ચોક, આજવા રોડ, વડોદરા.
C/o,ગુજરાત રાજય એસ.ટી. કર્મચારી મહામંડળ,
બીજો માળ, ડી–બ્લોક, હબ ટાઉન, બસ સ્ટેશન,
ગીતા મંદીર, અમદાવાદ–૩૮૦૦૨૨.

**વિષય – આઈ.ડી.એકટની કલમ–૧૦(૧) સી અન્વયે ન્યાય નિર્ણય કરવા અંગે**

<u>હાજર રહ્યા</u> –

પ્રથમ પક્ષકાર તરફે – શ્રી પી.એ.ગાંધી, એડવોકેટ.

બીજા પક્ષકાર તરફે – શ્રી જે.એલ.રાવલ, પ્રતિનિધિ.

## ઃ– એવોર્ડ ઃ–

(૧) શ્રમ આયુકતશ્રી મહેસાણાએ તેમના હુકમ નં. કેએચ/ એસ.એચ.એમ.સી./એજે./૧૯ / ૨૦૨૧ થી સદરહુ રેફરન્સ ન્યાય નિર્ણય અર્થે અત્રે સુપ્રત કરેલ છે.

આ કામના રેફરન્સની અનુસુચી જોતાં તે નીચે મુજબ છે.

## ઃ- અનુસુચી ઃ-

"શ્રી જોગેન્દ્ર બલીરામ માનેને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૨) બંને પક્ષકારોએ થયેલ સમાધાન આંક-૬ થી રજુ કરેલ છે. બંને પક્ષકારો વચ્ચે સ્વેચ્છાએ સમાધાન થયાની ખાતરી કરી, સમાધાન પુરસીસ ઉપર બંને પક્ષકારોની સહી હોઈ અને બંને પક્ષકારોને સમાધાનની શરતો કબુલ મંજુર હોઈ સદરહુ સમાધાન રેકર્ડ કરવામાં આવેલ છે. આમ પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન યોગ્ય તથા વ્યાજબી જણાતું હોઈ જેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## - હુ ક મ -

(૧) બીજા પક્ષકારના રેફરન્સ (એલ.સી.એમ.) નં. ૨૨/૨૦૨૧ આંક-૬ ના સમાધાન અન્વયે આથી ફેંસલ કરવામાં આવે છે અને સમાધાનની શરતો મુજબ એવોર્ડ કરવામાં આવે છે. પક્ષકારોએ સમાધાનની શરતોનું પાલન કરવાનું રહેશે અને સમાધાનને હુકમનો ભાગ ગણવાનો રહેશે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

મહેસાણા.
તા.૨૮/૦૬/૨૦૨૧

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
GJ01285
પ્રમુખ અધિકારી
શ્રમ અદાલત, મહેસાણા.